# સે.૩૦ ઢોરડબ્બામાં ક્ષમતાથી વધુ ગાયો ભરતા હોવાની ફરીયાદો ઉઠી

## ગાંધીનગર કોર્પોરેશનનાં અધિકારીઓને રાજ્યપાલના આદેશ બાદ પણ કોઈ યોગ્ય કામગીરી ન થતા ગૌ સેવકોમાં રોષ ભભૂક્યોઃ ઢોર ડબ્બામાં ૪૦૦ ગાયો રાખવાની જગ્યાએ ૧૨૦૦થી વધુ ગાયો ભરવામાં આવે છે.

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સેકટર ૩૦ માં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન નું ઝદ્રઝઢ વિભાગ નું ગૌમાતા માટે નું પાંજરાપોળ(ઢોર ડબ્બો) છે.જ્યાં ૪૦૦ ગાયોની રાખવા માટે ની જગ્યા છે.

છતાં પણ ત્યાં ૧૨૦૦ થી વધુ ગાયો ક્ષમતા થી ઘણી વધુ ભરવામાં આવી છે.જેની સામે ગૌ સેવકો એ ફરિયાદો કરી છતાં કોઈ જ યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવી રહી નથી.

હાઈકોર્ટ નાં આદેશ અનુસાર રખડતી ગાયો મ્યુનિસિપલ કૉર્પોરેશનનાં ઝદ્રઝઢ વિભાગ દ્વારા પકડવામાં આવે છે.અને જે ગાયોને તેમના માલિકો દ્વારા છોડાવી લઈ જવામાં નથી આવતી તેમના રખરખાવની જવાબદારી ઝદ્રઝઢ વિભાગની હોય છે.જે પણ ગાય ,બળદ,નંદી કે વાછરડા પકડવામાં આવે છે તેમાંથી મોટા ભાગના બીમાર હાલતમાં હોય છે.

ત્રણેક મહિના પહેલા ગૌ સેવકો દ્વારા આ પાંજરાપોળ (ઢોર ડબ્બો)ની મુલાકાત લેવામાં આવી હતી.તે દરમિયાન બીમાર ગૌમાતાની વિકટ પરિસ્થિતિ જોવા મળી હતી.બીમાર ગૌમાતાની સારવાર માટે નું કોઈ અલાયદુ યુનિટ નહતું કે બીમાર ગૌમાતા માટે અલગ થી ખોરાક - પાણી ની વ્યવસ્થા પણ ન હતી.તેથી ગૌ સેવકો એ રૂબરૂ કમીશ્નરને અને ઝદ્રઝઢ નાં ઈન્ચાર્જ ડે. કમિશ્નર ને મળી રજૂઆત

કરી હતી.ત્યારે અધિકારીના આગ્રહથી કેટલીક બીમાર ગાયો ગૌસેવકો ની દરમિયાનગીરીથી ગૌશાળા સાથે રૈંકરી ત્યાં મોકલવામાં આવી હતી.ત્યારે અધિકારી દ્વારા આશ્વાસન આપવા માં આવ્યું હતું કે બીમાર ગાયો માટે ટુંક સમયમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવસે.



આ ઘટનાક્રમ ને ત્રણેક મહિનાનો સમય વિતી જતા અને ૩૪૦ થી વધુ બીમાર ગાયો બીજી ગૌશાળામાં મુકતા ગૌ સેવાકો દ્વારા ફરીથી ગત બુધવાર તારીખ ૧૯/ ૦૭/૨૩ ના રોજ ફરીથી મુલાકાત કરી હતી ત્યારે જોવા

મળ્યું હતું કે અધિકારીઓની આંખો હજી ખુલી નથી. પાંજરાપોળ (ઢોર ડબ્બો)માં બીમાર ગાયો માટે કોઈ જ યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવી નથી.

ગૌસેવકો દ્વારા ગૌપ્રેમી રાજ્યપાલ ને રજૂઆત કરવામાં આવી હતી.રાજ્યપાલ એ તાત્કાલિક પાંજરાપોળ (ઢોર ડબ્બા )ની મુલાકાત કરી હતી અને ક્ષમતા કરતા વધુ ગાયો જોતા રાજ્યપાલ એ ઢોર ડબ્બાની કેપિસીટી વધારવા જણાવ્યું હતું.ઉપરાંત ગાયોની દેખરેખ રાખવા મહેકમ વધારવાની સૂચના પણ આપી હતી.

આજે ફરીથી ગૌસેવકો પાંજરાપોળ (ઢોર ડબ્બે ) ની મુલાકાત લેવા ગયા હતા.પરંતુ ગૌ સેવકોને અંદર આવવાની પરવાનગી આપી નહી.તો ગાંધીનગર કૉર્પોરેશનનાં અધિકારી ઓ શું છુપાવવા માંગે છે?અંદર જનાર વ્યક્તિઓને મોબાઈલ પણ લઈ જવા દેવામાં આવતો નથી.આવા તઘલખી નિર્ણયો કોણ કરે છે?ગાય જે વિશ્વની માતા છે તેની સત્તાનાં કેન્દ્ર સમાન ગાંધીનગરમાં આવી દયનિય હાલત કેમ? જો અધિકારી યોગ્ય કાર્યવાહી અને વ્યવસ્થા નહી કરે તો ગૌ સેવકોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## આજે સે.૨ ખાતે જગન્નાથ મંદિરના મહંત મહામંડલેશ્વર પૂ.દિલીપદાસજી મહારાજ પધારશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સે.૨ ખાતે સોમવારે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહંત મહામંડલેશ્વર પૂ.દિલીપદાસજી મહારાજ આશિર્વચન પાઠવવા પધારી રહ્યા છે, તે સાથે તેમના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ગાંધીનગરના સામાજિક આગેવાન રાજેન્દ્ર પારેખની અખબાર યાદીમાં જણાવ્યાનુસાર તા. ૨૪-૭-૨૩ સોમવારે બપોરે ૩-૩૦ કલાકે રાજેન્દ્ર પારેખનો જન્મદિવસ નિમિત્તે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૯૭૧/૧, સેક્ટર નં. ૨-સી ખાતે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂ.દિલીપદાસજી મહારાજ તેમજ શહેરના સે.૨૨ના પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ પૂ. ફુલશંકર શાસ્ત્રીજી ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે. આ પ્રસંગે તેમના આશિર્વચન સાથે સાથે બંન્ને ધાર્મિક મહાનુભાવોનું સે.૨ વસાહત મંડળ દ્વારા સન્માન પણ કરવામાં આવશે. આ સન્માન કાર્યક્રમ અને આશિર્વચનનો ધાર્મિક લાભ લેવા ગાંધીનગર ધર્મપ્રેમી નગરજનોને લાભ લેવા આયોજક દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આદિજાતિ યુવાનોને GPSC વર્ગ ૧-૨ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ માટે રૂ.૨૦,૦૦૦ની સહાય અપાશે

ગાંધીનગર, તા.૨૩

રાજ્યના આદિજાતિ સ્નાતક યુવક-યુવતીઓ ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC વર્ગ ૧-૨ની સ્પર્ધાત્મક પરીક્ષા પાર કરીને ઉજ્જ્વળ કારકિર્દી બનાવી શકે તેવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા પરીક્ષાના કોચિંગ-તાલીમ સહાય પેટે એકવાર પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦,૦૦૦ની રકમ આપવામાં આવશે.

આ કોચિંગ સહાયનો લાભ લેવા માટે નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓએ આગામી તા. ૧૭ ઓગષ્ટ ૨૦૨૩ સુધીમાં ડી-સેગના પોર્ટલ dsagsahay.gujarat.gov.in પર ઓનલાઈન અરજી-નોંધણી કરવાની રહેશે તેમ,આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, (ડી-સેગ) ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

અનુસૂચિત જનજાતિના સ્નાતકની તથા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર (ડી-સેગ) દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર- ડી.બી.ટી. યોજના મારફતે વિદ્યાર્થી દીઠ એક વાર રૂ.૨૦,૦૦૦/- અથવા વાસ્તવિક કોચિંગ ફી પૈકી જે ઓછું હોય તે રકમ સીધી ખાતામાં જમા કરાશે. અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબની સંપૂર્ણ વિગત ઓનલાઈન ભરવાની રહેશે તેમજ પોર્ટલ પર પ્રમાણપત્રો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

જરૂરી વિગતો 'સબમિટ' કર્યા બાદ અરજદારના મોબાઈલ ઉપર એમ.એમ.એસ દ્વારા રજીસ્ટ્રેશન નંબર જનરેટ થયા બાદ અરજી સબમિટ થયેલી ગણાશે. રાજયના ૧૪ આદિજાતિ જિલ્લાઓના પ્રાયોજના કચેરી દ્વારા તથા આદિજાતિ જિલ્લાઓ સિવાયના જિલ્લાઓની અરજીઓ વડી કચેરી દ્વારા નિયમ મુજબ મંજૂર-નામંજૂર કરવામાં આવશે. કોચિંગ સહાય મેળવવા ઈચ્છુક આદિજાતિના વિદ્યાર્થી જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિયત કરાયેલી ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. આદિજાતિ વિદ્યાર્થી જે જિલ્લામાં કોચિંગ મેળવવા ઈચ્છતો હશે તે જિલ્લાના લક્ષ્યાંક અન્વયે સ્નાતકક્ષાના મેરીટના ધોરણે વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવશે. સહાય માટે વિદ્યાર્થીએ જી.પી.એસ.સી વર્ગ-૧, વર્ગ-૨ની સ્પર્ધાત્મક પરીક્ષા અને સ્પીપા પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરેલ હોવી જોઈએ. સહાય માટે વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૫.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ તેમ, યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

## 'પેરેન્ટ્સ ડે' નિમિત્તે "પેડલ ફોર ચેન્જ" સાયકલ રેલી યોજાઈ

### આ ઉપરાંત "સમાનતા ફાઉન્ડેશન" સંસ્થા દ્વારા "પૈતૃક જુદાઈ" રોકવાનો કાર્યક્રમ" ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય સંસ્કૃતિ મુજબ 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવનાને સાર્થક કરવા - સમાજમાં સકારાત્મક જાગૃતિ લાવવા અને વાલીપણાની મહત્ત્વતા સમજાવવાના ઉદ્દેશ્યથી "પેરેન્ટ્સ ડે" નિમિત્તે સમાનતા ફાઉન્ડેશણ દ્વારા આજે સવારે ૮થી ૧૦.૩૦ કલાક દરમ્યાન "પેડલ ફોર ચેન્જ" સાયકલ રેલી અને સ્ટોપ પેરેન્ટલ એલીનેશન - પૈતૃક જુદાઈ રોકવા - સામાજિક જાગૃતિ લાવવાનો કાર્યક્રમ" યોજાયો હતો જેમાં સાયકલ રેલી સે.૬માં સત્યાગ્રહ છાવણીથી વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી યોજાઈ હતી.




"પેરેન્ટ્સ ડે" નિમિત્તે અમે દરેક માતા-પિતાના નિઃસ્વાર્થ ત્યાગ-બલિદાન-પ્રેમ ભાવનાને બિરદાવવામાં આવી હતી અને સાથે સાથે આજે સેંકડો પેરેન્ટ્સ (નેચરલ ગાર્ડિઅન)ને "પેરેન્ટલ એલીનેશન(પૈતૃક જુદાઈ)"ના કારણે પોતાના બાળકોના પ્રેમથી વંચિત રખાય છે, તે આજના આધુનિક યુગની અતિ ગંભીર સમસ્યા-કડવી વાસ્તવિકતા તરફે પેરેન્ટ્સ ડે 'સાયકલ રેલી' યોજી જન-જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

'પેરેન્ટલ એલીનેશન'ને રોકવા અને સમાજમાં આ બાળ ઉત્પીડનના મુદ્દે સકારાત્મક જાગૃતિ લાવવાના ઉમદા હેતુસર આ કાર્યક્રમમાં કાયદાના દુરુપયોગ સંદર્ભિત, પેરેન્ટલ એલીનેશન, શેર્ડ પેરેન્ટીંગ વગેરે માહિતી, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના સ્યુસાઈડ ડેટા વગેરે માહિતીના ફ્લેક્ષ બેનર્સ-પ્લે કાર્ડ સાથે શાંતિપૂર્ણ રીતે, પેરેન્ટ્સ ડેને લગતા નારાઓ લગાવીને જાગૃતિ કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વોલન્ટિયર્સ સાયકલ અને ટુ-વહીલર્સ સાથે ભાગ લીધો હતો.



ચોમાસાની શરૂઆત થતા જ રોડ પર ખાડા પડવાની સાથે રોડ હલકી કક્ષાની કામગીરીને લીધે ધોવાઈ રહ્યા છે, બીજી બાજુ વિવિધ વિસ્તારમાં મોટા ભુવા પણ પડી રહ્યા છે. હાલમાં સેક્ટર ૨૭ માં ગાયત્રી નગરમાં મોટો ભૂવો પડ્યો છે અને રાત્રી દરમિયાન ગાડી ફસાઈ ગઈ હતી મુશ્કેલીથી ગાડીને ભુવામાંથી બહાર કાઢી હતી.સોસાયટીના રહીશો ચોમાસાની શરૂઆત થી ખડારાજ,ભૂવા, કાદવ કીચડ થી પરેશાન થઈ રહ્યા છે.

# આજે અધિક માસનો પહેલો સોમવાર

## અધિક મહિનાના પહેલા સોમવારે રવિ યોગ, શિવયોગ અને સિદ્ધયોગનો અદ્ભુત સમન્વય થઈ રહ્યો છે

શ્રાવણ માસ દરમિયાન ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે. પરંતુ શ્રાવણમાં સોમવારના દિવસનું વિશેષ મહત્ત્વ છે. જેને શ્રાવણીયા સોમવારનું વ્રત કહે છે. કારણ કે આ દિવસે શિવભક્તો ઉપવાસ કરે છે અને પૂજા કરે છે. સામાન્ય રીતે દર વર્ષે શ્રાવણ મહિનામાં ૪-૫ શ્રાવણીયા સોમવારના ઉપવાસ કરવામાં આવે છે. પરંતુ અધિક માસના કારણે આ વર્ષે શ્રાવણ માસમાં કુલ ૮ સોમવારના વ્રત રાખવામાં આવશે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર અધિક માસનો પ્રથમ સોમવાર ખૂબ જ ખાસ માનવામાં આવી રહ્યો છે. કારણ કે આ દિવસે ઘણા અદ્ભુત યોગો બની રહ્યા છે, જેમાં ભગવાન શિવની પૂજા કરવી અને રૂદ્રાભિષેક કરવો શુભ રહેશે. રવિ યોગ, શિવ યોગ અને સિદ્ધ યોગ ૨૪ જુલાઈના રોજ અધિક માસના પ્રથમ સોમવારે રચાઈ રહ્યા છે.

**અધિક માસના પ્રથમ સોમવારે ૩ શુભ યોગઃ**

૨૪ જુલાઈના રોજ અધિક મહિનાના પહેલા સોમવારે



રવિ યોગ, શિવયોગ અને સિદ્ધયોગનો અદ્ભુત સમન્વય થઈ રહ્યો છે. ભગવાન શિવની પૂજા અને રુદ્રાભિષેક માટે શિવયોગ ખૂબ જ શુભ માનવામાં આવે છે. રવિ યોગમાં અશુભ સ્થિતિ પણ શુભમાં ફેરવાય છે અને સિદ્ધ યોગ પણ શુભ માનવામાં આવે છે. આ યોગમાં કરેલી પૂજાનું ફળ મળે છે.

**શિવ યોગઃ** ૨૩મી જુલાઈએ બપોરે ૦૨:૧૭ વાગ્યાથી શરૂ થાય છે અને ૨૪મી જુલાઈએ બપોરે ૦૨:૫૨ વાગ્યે સમાપ્ત થાય છે.રવિ યોગઃ ૨૪ જુલાઈ સવારે ૦૫:૩૮ થી રાત્રે ૧૦:૧૨ સુધી

અધિક માસના પ્રથમ સોમવારે રૂદ્રાભિષેકનો શુભ સમયઃ

૨૪ જુલાઈએ અધિકામાસના પ્રથમ સોમવારે રુદ્રાભિષેક માટે સવારથી જ શિવવાસ છે. આ દિવસે શિવવાસ નંદી પર હોય છે. તમે આ દિવસે બપોરે ૧.૪૨ વાગ્યા સુધી રુદ્રાભિષેક કરી શકો છો. આ પછી શિવવાસ ભોજનમાં છે, જેમાં રુદ્રાભિષેક ન કરવો જોઈએ.

## ભાવના ભગવાન સાથે જોડાય ત્યારે તે ભક્તિનું સ્વરૂપ લે છે : પૂજ્ય ગુરુમા

### 'હું પ્રસન્ન છું'-એ જ એનું માપ છે, કે ઈશ્વર મારા પર પ્રસન્ન છે



પુરુષોત્તમ માસ-અધિક શ્રાવણ મહિનાના પવિત્ર દિવસોમાં ભગવાન શિવજીના ગુણગાન ગાઈએ. આપણું જીવન શિવમય બને એવી ભગવાન આશુતોષના ચરણોમાં પ્રાર્થના સાથે સત્સંગનો શુભારંભ કરીએ...મનુષ્યનું જીવન ઘણા ચઢાવ ઉતારથી ભરેલું છે. એમાંય વધારે તો 'ઉતાર'વાળાજ દિવસો હોય છે. આવી તમામ પરિસ્થિતિમાં મનુષ્ય માટે પ્રથમ સહારો ભગવાનનો હોય છે. કંઈ પણ દુઃખ પડે તો આપણા મુખમાંથી તરત જ નીકળે, 'હે ભગવાન...' ઈશ્વર જ એક મજબૂત આધાર છે, એ જ આપણી નૈયા પાર કરે છે. ખરેખર બે હાથ ઊંચા કરીને પોકાર કરીએ તો ભગવાન જરૂર સાંભળે છે. શ્રદ્ધા અને અનન્ય ભરોસો હોય તો કોઈપણ રૂપમાં નારાયણ સ્વયં આવે છે અને આપણું કામ પાર પાડે છે. આવો, આપણે સાથે મળીને ઈશ્વરને સંભારીએ...ઈશ્વરમાં ત્રણ ગુણ છે; એક ઈશ્વર સર્વજ્ઞ છે, તે બધું જ જાણે છે. બીજું ભગવાન સર્વશક્તિમાન છે, એ કંઈ પણ કરવા માટે સમર્થ છે. અને ત્રીજું ઈશ્વર દયાળુ છે, કૃપાનિધિ

**શ્રી ઉમિયા માતાજી સંસ્થાન હૉલમાં તારીખ ૩૦ મી સુધી દરરોજ સાંજે ૬:૦૦ થી ૮:૦૦ દરમિયાન યોજાઈ રહેલા ભક્તિસત્રમાં પૂજ્ય ગુરુમાની અમૃતવાણી**

છે. કરુણા સાગર છે અને એટલે જ એ આપણી પ્રાર્થના સાંભળે છે. ભગવાન સદાશિવ સર્વજ્ઞ, સર્વશક્તિશાળી અને પરમ દયાળુ છે. આવા પ્રભુ માટે પ્રેમ હોય તો જીવન સુંદર બને છે. માનવ જીવન પરમસુંદર જીવન છે, પણ જો જીવતા આવડે તો. જેને પ્રભુની સાથે જીવતાં આવડી ગયું તો બેડો પાર.મનુષ્ય લાગણીશીલ છે, તે ભાવનાના બળે જીવે છે. મનુષ્ય જીવનમાં લાગણી અને ભાવનાનું પ્રાધાન્ય છે. આપણી લાગણી અને ભાવનાઓને યોગ્ય દિશા આપવી જોઈએ. ભાવના ભગવાન સાથે જોડાય ત્યારે તે ભક્તિનું સ્વરૂપ લે છે. ભાવના અને લાગણીની ધારા ભગવાન ભણી હોય તો તે 'ધારા' 'રાધા' બને છે, અને રાધા એ ભક્તિનું-પ્રેમનું મૂર્તિમંત સ્વરૂપ છે.ભાવનાઓને ભગવાન સાથે જોડવી એટલે ભક્તિ. ભગવાનને ભાગીદાર બનાવો. કર્મમાં પ્રભુને ભાગીદાર બનાવો. હું તો નિમિત્ત છું, હું જે કંઈ પણ કરું છું તે કરાવનાર પ્રભુ છે.

કર્મફળમાં પણ ભગવાનનો ભાગ રાખો, એટલે કે જરૂરિયાતમંદને મદદ કરો. સવારથી સાંજ સુધી દરેક પ્રવૃત્તિમાં ભગવાનને સાથે રાખો. ભગવાનને પોતાના જીવનમાં સ્થાન આપો.ભક્તિ એટલે શું ? ભક્તિના ઘણા સ્વરૂપો છે... તીર્થાટન કરો તે ભક્તિ? મંદિરે દર્શન કરવા જાવ તે પણ ભક્તિ. ભગવાનની સેવા-પૂજા કરો એ ભક્તિ. પાઠ-પારાયણ કરો તે પણ ભક્તિ. ભજન-કીર્તન કરો એ પણ ભક્તિ. મંત્ર-નામ જપ કરો, માળા કરો તે પણ ભક્તિ છે. ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરવું એ પણ ભક્તિ. આ સૃષ્ટિ પરના દરેક જીવના હૃદયમાં ઈશ્વરને બિરાજમાન જોવા એ ભક્તિનું ચરમ સ્વરૂપ છે. ઈશ્વરથી વધારે નિકટતા, ઈશ્વરનું વધારે સામીપ્ય એ જ આ ભક્તિનું પ્રયોજન છે. જીવન પ્રભુમય બને, સરળ બને, શાંત બને, સમાહિત બને અને આનંદમય બને એ જ ભક્તિનું ફળ છે. આવી ભક્તિ ભાવનાઓને નિયંત્રિત કરે છે. આવી ભક્તિ અંતરના અંધકારને દૂર કરીને ઉજાસ ફેલાવે છે. જીવન જીવવાની નવી દિશા આપે છે. જીવન ભક્તિમય બની જાય તો જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય, જીવન સફળ થઈ જાય.ઈશ્વર આપણા પર પ્રસન્ન છે તેનું માપદંડ શું ? 'હું પ્રસન્ન છું' - એ જ એનું માપ છે કે ઈશ્વર મારા પર પ્રસન્ન છે. ભક્તિ જીવનમાં પ્રસન્નતા પ્રદાન કરે છે, ભક્તિ ચિંતાથી મુક્ત કરે છે. શિવમહિમ્નસ્તોત્રની વાત કરીએ.. ભગવાનની સ્તુતિ કરવી તે સ્તોત્ર. શિવમહિમ્નસ્તોત્ર શિવના મહિમાની સ્તુતિ છે. સદા શિવની મહિમા અપરંપાર છે. પુષ્પદંત મહારાજે શિવમહિમ્નસ્તોત્રના માધ્યમથી ભગવાનના અપાર ગુણોનું ગાન કર્યું છે. શિવમહિમ્નસ્તોત્ર એટલે શિવની મહિમાનું ગાન. જેમ મહાભારતને પાંચમો વેદ કહ્યો છે, એ મહાભારતની મહત્તા દર્શાવે છે. એવી જ રીતે શિવમહિમ્નસ્તોત્રને રૂદ્રોપનિષદ કહ્યું છે. શિવમહિમ્નસ્તોત્રને દ્વિતીય રુદ્રી પણ કહેવાય છે. તેને રુદ્રસ્થાન આપવામાં આવ્યું છે. જો રુદ્રી પાઠ ન આવડતા હોય તો શિવમહિમ્નસ્તોત્રથી પણ રુદ્રાભિષેક કરવામાં આવે છે.સ્તુતિ એટલે કોઈના ગુણનું કથન કરવું. આવી સ્તુતિ-ગુણકથન કોને ન ગમે? ભગવાનને પણ તેમના ગુણોનું વર્ણન ગમે છે અને એટલે જ ધ્રુવ, પ્રહલાદ, કુંતી જેવા ભક્તોએ ભગવાનના ગુણગાન ગાયા છે. પુષ્પદંતજી મહારાજે તેમના સ્તરેથી શાસ્ત્રીય દૃષ્ટિએ શિવજીને જોઈને ગુણગાન ગાયા છે. ભગવાન શિવજીની લીલાઓનું આ સુંદર-વિધવતાપૂર્ણ સ્તોત્ર છે શિવમહિમ્નસ્તોત્ર. આ સ્તોત્ર સામાન્ય નથી, કઠિન છે. તેમાં શાસ્ત્રોનું રહસ્ય પણ છુપાયેલું છે. તેના શ્લોકનું ઉચ્ચારણ અને અર્થની સમજૂતી બને કઠિન છે. આ સ્તોત્ર સહજ ઉપલબ્ધ થતું નથી.શિવમહિમ્નસ્તોત્ર ના રચયિતા પુષ્પદંતજી મહારાજ ગંધર્વ છે. તેઓ પરમ શીવભક્ત હતા. પુષ્પદંતજી મહારાજ ભગવાન શિવજીની સુંદર પૂજા કરે. નિયમિત રીતે પુષ્પોથી ભગવાનને સજાવે. એટલે હંમેશા તેઓ સારામાં સારા પુષ્પોની શોધમાં રહેતા. તેઓ ગંધર્વરાજ હતા એટલે સૂક્ષ્મ સ્વરૂપે આકાશમાં વિહરતા. આકાશમાં વિહાર દરમિયાન તેમની ચિત્રરથ રાજાના બગીચા પર નજર પડી. ચિત્રરથના બગીચામાં એક-એકથી સુંદર ફૂલો ખીલેલા હતા. આ દ્રશ્ય જોઈને પુષ્પદંતજી મહારાજનું મન લલચાઈ ગયું. 'આટલા સુંદર પુષ્પો તો શિવજીના ચરણોમાં જ શોભે', એમ વિચારીને એમણે આખા બગીચાના તમામ ફૂલો ચૂંટી લીધા અને એ ફૂલોથી ભગવાન શિવજીને સરસ રીતે શણગાર્યા. પછી તો આ નિત્યક્રમ થઈ ગયો, પુષ્પદંતજી મહારાજ સુક્ષ્મરૂપે જઈને ચોરીછુપી ફૂલ લઈ આવતા. ચિત્રરથ રાજા પણ ભગવાનના ભક્ત હતા, તેમને પણ પોતાના બગીચાના ફૂલો ભગવાન માટે જોઈતા હતા. પરંતુ પુષ્પદંતજી મહારાજ દરરોજ ફૂલ લઈ જતા, એટલે ચિત્રરથ રાજા ફુલ વિના રહી જતા. તેમણે તપાસ કરાવી કે, દરરોજ કોણ ફુલ લઈ જાય છે ? ચોકીદારે ચોકી કરી છતાંય કોઈ પકડાયું. અને તોય રોજ ફૂલ ગાયબ થઈ જાય. આવી પરિસ્થિતિમાં ચિત્રરથ રાજાએ યુક્તિ કરી. તેમણે પોતાના આખા બગીચામાં શિવનિર્માલ્ય પાથરી દીધા નિર્માલ્ય એટલે ભગવાનને ચઢાવ્યા પછી ઉતરેલા પુષ્પો. દરરોજની જેમ પુષ્પદંતજી મહારાજ સૂક્ષ્મ શરીરે ફૂલો લેવા બગીચામાં આવ્યા. બગીચામાં પાથરેલા શિવનિર્માલ્યથી અજાણ એવા પુષ્પદંતજી મહારાજના પગ શિવનિર્માણલ્ય પર પડ્યા, કે તરત જ અદ્રશ્ય રહેવાની તેમની સિદ્ધિ જતી રહી. તેઓ પકડાઈ ગયા. ચિત્રરથ રાજાએ ભગવાન શિવ પ્રત્યેની તેમની ભક્તિને કારણે ફૂલો ચોરી જવાના આરોપમાંથી તો તેમને મુક્ત કર્યા પણ પુષ્પદંતજી મહારાજ શિવનિર્માલ્ય પર પગ મૂકીને કરેલા અપરાધમાંથી કેવી રીતે મુક્ત થવું તેની ચિંતામાં પડ્યા... અને તેમણે શિવનિર્માલ્ય અપરાધમાંથી મુક્ત થવા, ભગવાન શિવને પ્રસન્ન કરવા, તેમના ગુણગાન ગાવા શિવમહિમ્નસ્તોત્રની રચના કરી. ભગવાન શિવની આટલી સુંદર સ્તુતિ બીજે ક્યાંય જોવા નથી મળતી. પ્રેમભક્તિ આપણે હંમેશા કૃષ્ણ સાથે જોઈ છે, પુષ્પદંતજી મહારાજે પણ શિવ સાથે પ્રેમભક્તિ કરી છે. શિવમહિમ્નસ્તોત્ર એ પુષ્પદંતજી મહારાજનો ભગવાન સાથેનો વાર્તાલાપ છે. આ વાર્તાલાપમાં ભગવાન શિવ પ્રત્યેનો તેમનો અનન્ય પ્રેમ છલકે છે. તેમની સ્થિતિમાં નમ્રતા પણ છે અને શિવ પ્રત્યેનો અધિકારભાવ પણ દેખાય છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ તેના પર અધિકાર જમાવવા પણ લાચાર કરી દે છે. પુષ્પદંત મહારાજના દરેક શ્લોકમાં, શ્લોકના દરેક શબ્દમાં પ્રેમ, નમ્રતા, ભાવ અને શ્રદ્ધા પ્રસ્ફૂટિત થાય છે. લાગવગ અને લાંચ ભગવાન પાસે પણ ચાલે છે, પણ ભગવાન પાસે સમર્પણની લાગવગ અને પ્રેમની લાલચ ચાલે છે. પુષ્પદંતજી મહારાજ લખે છે.